મહત્તમ : ૩૮.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૪ ડીગ્રી
ભેજ
સવારે ૬૬ ટકા ● સાંજે ૩૭ ટકા
ગાંધીનગર તાપમાન

# શહેરના રીલાયન્સ અને સરગાસણ ચોકડીએ ટ્રાફીક જામ

## ટ્રાફિક સિગ્નલમાં સમયનો તાલમેલ અયોગ્ય : જે તરફે ટ્રાફીક વધુ રહે છે ત્યાં જ લાલ લાઈટ બે મિનિટ કરતા વધુ સમય લે છે



ગાંધીનગર, તા. ૪

પાટનગરના નવા વિકસિત કુડાસણ અને સરગાસણ વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યાને નાથવા ટ્રાફિક સિગ્નલો શરૂ કરાયા છે. પરંતુ ટ્રાફિકના ધસારાના યોગ્ય નિરીક્ષણ વગર સમય સિગ્નલમાં સેટ કરાયા છે જેથી રીલાયન્સ ચોકડી અને સરગાસણ ચોકડીએ ટ્રાફીક જામની સમસ્યા દૈનિક બની ગઈ છે જેથી વાહનચાલકોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે.

કુડાસણમાં રીલાયન્સ ચોકડીએ તેમજ તેથી આગળ સરગાસણ ચોકડીએ ટ્રાફીકને ધ્યાને લઈ ટ્રાફીક સિગ્નલ ઉભા કરાયા છે. સવારે અને સાંજે પીકઅપ અવર્સમાં આ બન્ને સ્થળે ટ્રાફીક સિગ્નલમાં સમયનો તાલમેલ યોગ્ય ન હોવાથી માર્ગો ઉપર ટ્રાફીક જામના દૃશ્યો જોવા મળી રહ્યા છે. રક્ષાશક્તિ સર્કલ તરફથી વધુ વાહનો સરગાસણ ચોકડી તરફ આવતા અથવા જતાં હોય છે પરંતુ આ માર્ગે જ સિગ્નલમાં લાલ લાઈટ બે મિનિટથી વધુ સમય લઈ રહી છે જેથી સિગ્નલ થકી માર્ગો ઉપર વાહનોની લાંબી લાઈનો થઈ જાય છે જ્યારે બિજી તરફના માર્ગો ઉપર એકદમ હળવો ટ્રાફીક હોય છે.

તેજ રીતે સરગાસણ ચોકડીએ પણ રક્ષાશક્તિથી મહાત્મા મંદિર જવા અને આવવાના માર્ગ ઉપર લાલ લાઈટ પણ બે મિનિટથી વધુ સમય લે છે જેથી સવાર-સાંજ અહીં પણ ચક્કાજામ સર્જાય છે વધુમાં ટીપી-૯ના વળાંકમાં પણ ટ્રાફિક સિગ્નલ મુકેલા છે જેથી અહીં વાહનોનો ખડકલો થઈ જાય છે.

આમ ટ્રાફિક નિયમન માટે ટ્રાફિક અંગેનું નિરીક્ષણ કરી સર્વે કરી સમયનું સેટિંગ સિગ્નલોમાં કરવાનુ હોય છે જે આ બન્ને જગ્યાએ જળવાયેલ નથી. જેથી આ બન્ને સ્થળો થકી સમય, ઈંધણ અને આર્થિક નુકશાન વાહનચાલકો વેઠી રહ્યા છે જે યોગ્ય કરવા માંગ ઉઠી છે.

## જન્મદિને વધામણી

ભરતકુમાર સોમાભાઈ પરમાર
મો. ૯૭૧૪૯ ૫૮૩૫૯

નલીનભાઈ કે. ત્રિવેદી
મો. ૯૪૨૯૦ ૨૮૪૪૭

બ્રિંદા મેહુલભાઈ પટેલ
મો. ૯૬૨૪૮ ૧૨૧૧૧

જયસુખ પી રાજપુત

વંશ આતડીયા

માહીબા વિષ્ણુસિંહ ચાવડા

## કેનેરા બેંક દ્વારા સામાજિક સુરક્ષા કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા.૪

દહેગામ તાલુકાના જાળિયાનો મઠ તથા ખાનપુર ગ્રામ પંચાયત ખાતે જનસુરક્ષા અભિયાન અંતર્ગત સામાજિક સુરક્ષા કેમ્પનું આયોજન કેનેરા બેંક દ્વારા કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે એસબીઆઇના નાણાકીય પરામર્શક રમેશભાઈ પરમાર દ્વારા પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના તથા પ્રધાનમંત્રી જીવન જયોતિ યોજના વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. ગ્રામજનોને આ યોજનાનો લાભ કેવી રીતે લઇ શકાય, કેમ લેવો જોઈએ તે વિશે દષ્ટાંતપૂર્વક વાત કરીને ગ્રામજનોને આ યોજનામાં જોડાવા ભારપૂર્વક જણાવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું આયોજન કેનેરાબેંક- જાલિયાના મઠ શાખાના મેનેજર વિકી પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમાં એસબીઆઇના સ્થાનિક મુખ્ય કાર્યાલય, અમદાવાદના રીની સિંઘ, લીડ બેંક મેનેજર, ગાંધીનગર આદેશ જુનેજા, કેનેરા બેંકની ગાંધીનગર પ્રાદેશિક કાર્યાલયના સીતારામ, એ.ડી.સી. બેંક, ખાનપુરના શાખા મેનેજર અને ખાનપુર ગ્રામ પંચાયત સરપંચ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ કેમ્પમાં બન્ને ગામના ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## આઈઆઈટી ગાંધીનગરની આહના ઘોષ અને શ્રુતિ સિંઘે રિસર્ચ ફેલોશીપ જીતી

ગાંધીનગર, તા.૪

સંશોધનની નવી સીમાઓ ખોલતા, ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન ગાંધીનગર (IITGN)ની બે પીએચડી સ્કોલર્સ, આહના ઘોષ અને શ્રુતિ સિંઘે, પ્રતિષ્ઠિત ફુલબ્રાઇટ-નેહરુ ડોક્ટરલ રિસર્ચ ફેલોશિપ્સ ૨૦૨૩-૨૪ જીતી છે. યુનાઈટેડ સ્ટેટ્સ-ઈન્ડિયા એજ્યુકેશનલ ફાઉન્ડેશન (યુએસઆઈઈએફ) અને ભારતમાં ફુલબ્રાઈટ કમિશન દ્વારા સ્થાપિત આ પ્રતિષ્ઠિત ફેલોશિપ, સખત સમીક્ષા પ્રક્રિયા પછી દર વર્ષે માત્ર મુઠ્ઠીભર ઉમેદવારોને આપવામાં આવે છે.

આઈઆઈટીમાં માનવતા અને સામાજિક વિજ્ઞાનમાં પીએચડી સ્કોલર આહના ઘોષ હાલમાં પ્રોફેસર શારદા સીવીના માર્ગદર્શન હેઠળ પ્રાચીન હડપ્પાના આહાર અને પ્રથાઓ પર કામ કરી રહી છે. તેણીના ફુલબ્રાઈટ કાર્યકાળ દરમિયાન, તે ભારતના પશ્ચિમ અને ઉત્તરપશ્ચિમ ભાગોમાં પસંદ કરેલ હડપ્પન વસાહતોમાંથી પ્રાચીન હડપ્પન ખોરાક પ્રથાઓ પર

ધ્યાન કેન્દ્રિત કરીને, યુનિવર્સિટી ઓફ પેન્સિલવેનિયા, યુએસએના માનવશાસ્ત્ર વિભાગમાં પ્રોફેસર કેથલીન મોરિસનની દેખરેખ હેઠળ કામ કરશે. તેણીના અભ્યાસ દ્વારા, તેણીનો હેતુ સિરામિકસની અંદરના કાર્બનિક અવશેષોમાં રહેલા બાયોમોલેક્યુલર ઘટકોનું પૃથ્થકરણ કરીને આ વસાહતોના રહેવાસીઓના આહાર અને પ્રથાને શોધી કાઢવાનો છે. દક્ષિણ એશિયાના પુરાતત્વમાં આહાર અભ્યાસ હજુ પણ ગર્ભસ્થ તબક્કામાં છે. આમ, પરંપરાગત સિરામિક અભ્યાસોનું પુનઃમૂલ્યાંકન કરવું જોઈએ અને અદ્યતન વૈજ્ઞાનિક પદ્ધતિઓ અને 'ફૂડ એન્થ્રોપોલોજી' અને 'સાંસ્કૃતિક ઈકોલોજી'ની વિવિધ બારીકાઈઓ સાથે પ્રાચીન ફૂડવેઝનો વ્યાપક દૃષ્ટિકોણ વિકસાવવો જોઈએ. હડપ્પનકાળમાં કબરમાં સાથી રખાનારા ખોરાક એ તેમના સંશોધનનું બીજું મહત્વનું પાસું છે, અને તેનો હેતુ હડપ્પન સાંસ્કૃતિક ટોપોગ્રાફીમાં કબરના સામાન તરીકે જોવા મળતા વાસણોના અવશેષોની તપાસ કરવાનો છે.

આહના દ્વારા અગાઉના સંશોધન કાર્યમાં ગુજરાતમાં રહેણાંક અને કબરો એમ બંને રીતે ખોદવામાં આવેલી હડપ્પન વસાહતોમાંથી સિરામિક્સ પર લિપિડ્સની હાજરી દર્શાવવામાં આવી છે, જે આ સંશોધનને વધુ વ્યાપક સ્તરે કરવા તરફ નિર્દેશ કરે છે. વધુમાં, કચ્છ પ્રદેશમાં રહેતા સમુદાયો પરના તેમના ખાદ્ય એથનોગ્રાફિક સર્વેક્ષણે આ પ્રદેશના ખોરાકીય લેન્ડસ્કેપ અને ખોરાકની આસપાસના લોકોના વર્તનના વિવિધ પાસાઓ પર પ્રકાશ ફેંક્યો છે.

## ઉમિયા માતાજી મંદિરનો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો

ગાંધીનગર, તા.૪

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ગાંધીનગર દ્વારા મંદિરના "૨૦ માં પાટોત્સવ"નું સેક્ટર-૧૨ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય યજમાન તરીકે ડો.મુકેશભાઈ પી.પટેલ, સહ યજમાન તરીકે બળદેવભાઈ બી.પટેલ અને ઉપપ્રમુખ મહેન્દ્રભાઈ તથા જગદીશભાઈ પટેલે યજ્ઞમાં ભાગ લીધો હતો. આચાર્યપદે કિરણભાઈ શાસ્ત્રી તથા ભુદેવો દ્વારા નવચંડી યજ્ઞનો મંત્રોચ્ચાર થકી વિધિથી સંપન્ન કરવામાં આવી હતી. આ પ્રસંગે મા ઉમિયાજીની ધજા સંસ્થાના પૂર્વ પ્રમુખ ભરતભાઈ અને શ્રીરાધાકૃષ્ણ, શ્રી શિવપાર્વતી, શ્રી ગણપતિદાદા અને શ્રી હનુમાનદાદાના ધજા, વાઘા, શણગાર અને ફુલહાર માટે વિવિધ યજમાનોએ લાભ લીધો હતો. આ પ્રસંગે માણસાના ધારાસભ્ય જે.એસ.પટેલ, મેયર હિતેશભાઈ મકવાણાએ ઉપસ્થિત રહી જગત જનની આદ્યશક્તિ માઁ ઉમિયાના દર્શન કર્યા તેમજ સૌના જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિની મંગલ કામના કરી હતી. આ શુભ વેળાએ ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલ, કાઉન્સીલરો, સંસ્થાના હોદેદારો, સમાજના અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીનગરના સરકારી અધિકારીઓ તથા સંસ્થાના ટ્રસ્ટીગણ, દાતાઓ અને વિશાળ સંખ્યામાં અંદાજે પાંચ હજાર ઉમાભક્તોની હાજરીમાં મહાપ્રસાદનો લાભ લઈ મા ઉમિયાના પ્રસંગને ભવ્યાતિભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો. સંસ્થાના

હોદ્દેદારો, ટ્રસ્ટીઓ, કારોબારી સભ્યો, ટેમ્પલ કમિટી, પૂર્વ હોદ્દેદારો, મહિલા કાર્યકરો અને યુવા કાર્યકરો દ્વારા જહેમત ઉઠાવી હતી. ઉમિયા માતાજી સંસ્થાન ગાંધીનગરના પ્રમુખ ગણેશભાઈ એસ.પટેલ, મહામંત્રી દિનેશભાઈ ડી.પટેલ તથા હોદ્દેદારો અને ટેમ્પલ કમિટીએ સર્વેનો ખુબ આભાર માન્યો હતો.

## JSG સંગીની ફોરમ ગાંધીનગરનો શપથવિધિ સમારોહ સંપન્ન

ગાંધીનગર, તા.૪

સંગીની ફોરમ ગાંધીનગરના નવનિયુક્ત પ્રમુખ વીણાબેન વોરા અને તેમની ટીમનો શપથવિધિ સમારોહ તારીખ ૨૯ એપ્રિલ ૨૦૨૩ ના રોજ કલાઉડ-૯૯, બેંકવેટ હોલમાં યોજાઈ ગયો. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે પૂર્વીબેન શાહ ગુજરાત રીઝિયન સંગીની કન્વીનર, સુરતથી ખાસ પધારેલ તથા પૂજાબેન મહેતા ગુજરાત રીઝિયન સેક્રેટરી હિંમતનગરથી ખાસ ઉપસ્થિત રહેલ અને તેઓએ શપથ વિધિ કરાવી હતી. આ સમારોહમાં ગુજરાત રાજ્યના ઝોન કોઓર્ડીનેટર મેહુલભાઈ દોશી અને સંગીની કોઓર્ડીનેટર શ્રીમતી દીપાબેન પણ ઉપસ્થિત રહયા હતા. ગુજરાત રિજીયનના ચેરમેન અરવિંદભાઈ શાહ, સંગીની સ્થાપક પ્રમુખ નીતિકાબેન શાહ જેએસજી ગાંધીનગરના પ્રમુખ ભરતભાઈ કોટડીયા તથા તેઓની ટીમ અને પૂર્વ પ્રમુખ રમેશભાઈ ગાંધીનું ફૂલહારથી સ્વાગત કર્યું હતું. નવનિયુક્ત પ્રમુખ વીણાબેન વોરાએ પોતાના સ્વાગત પ્રવચનમાં ફાઉન્ડર પ્રેસિડેન્ટ નીતિકાબેન શાહ તથા અન્ય પાસ્ટ પ્રેસિડેન્ટનો આભાર માન્યો હતો. કમિટીના સભ્યોમાં પ્રમુખ શ્રીમતી વીણાબેન વોરા, ઉપપ્રમુખ સોનલબેન શાહ, સેક્રેટરી ક્રિષ્નાબેન કપાસી, જોઈન્ટ સેક્રેટરી રૂપાબેન શાહ, ખજાનચી જાગૃતીબેન લાખાણી, તાત્કાલિક પૂર્વ પ્રમુખ અને ઝોન કોઓર્ડીનેટર ભાવિનીબેનનો સમાવેશ થયેલ છે.રાજય પ્રમાણેની વેશભૂષા હરીફાઈ માટે વિવિધ રાજ્યનો પારંપરિક ડ્રેસ પહેરીને આવેલ અને ઇનામો મેળવેલ તથા ફી ભરેલ હોય તેવા ફર્સ્ટ ૧૦૦ મેમ્બર્સનો ડ્રો કરી વીણાબેન વોરા ના હસ્તે ઈનામો અપાયા હતા.

## આજે સે-૩/સી ખાતે આનંદનો ગરબો

ગાંધીનગર, તા.૪

સેક્ટર ૩ સી શક્તિ ચોક મંદિરમાં તા.૫ને શુક્રવારે બપોરે બેથી પાંચ કલાક સુધી આનંદના ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. તો સર્વે ભાવિક ભક્તોને આનંદના ગરબામાં પધારવા આમંત્રણ પાઠવ્યું હતું.

પેથાપુર મુકામે આજોલ ગામના ચાવડા સમાજના પ્રમુખ કનુભા ચાવડાના નિવાસ્થાને યોજાયેલ ધાર્મિક પ્રસંગે પ્રસંગે અમદાવાદ જિલ્લા રાજપૂત સમાજના વાઈસ પ્રેસિડન્ટ ભુપેન્દ્રસિંહ ચાવડા, પૃથ્વીસિંહ ચાવડા આજોલ ગામ સહિત રાજપૂત પરિવાર મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હોવાનું રાજપૂત સામાજિક કાર્યકર મનહરસિંહ વાઘેલાએ એક અખબારી યાદીમાં જણાવ્યુ છે

## સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગરની પાલજ શાખાની નવી કારોબારી મીટીંગ યોજાઈ

ગાંધીનગર, તા.૪

સમસ્ત બ્રહ્મસમાજ પાલજ શાખાની રચના તેમજ આગામી કામગીરી અંગે મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સુરેશભાઈ ભટ્ટ-પ્રમુખ, કીરીટભાઈ ઠાકર-મંત્રી તથા કમિટી મેમ્બર તરીકે વિષ્ણુભાઈ પંડ્યા, ચિરાગભાઈ ઠાકર, નરેન્દ્રભાઈ ઠાકર, મનીષભાઈ ઉપાધ્યાય, મેહુલભાઈ શાસ્ત્રી, વત્સલભાઈ ઠાકર, પ્રદિપભાઈ વ્યાસ, અવિનાશભાઈ ભટ્ટ, રાકેશભાઈ ભટ્ટની સર્વાનુમતે નિમણૂંક કરવામાં આવી હતી. આ મીટીંગમાં સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગરના સહમંત્રી જતીનભાઈ (પીન્ટુભાઈ) ઠાકર તથા ઉપપ્રમુખ ભાવેશભાઈ વ્યાસે સંગઠન મજબુત કરવા જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. પાલજ શાખાના નવનિયુક્ત પ્રમુખ સુરેશભાઈ ભટ્ટે મીટીંગનું સંચાલન તેમજ આગામી કામગીરીની ચર્ચા કરી હતી. પાલજના બ્રહ્મબંધુઓ, વડીલો તેમજ નવી સોસાયટીઓના બ્રહ્મ બંધુઓએ ઉત્સાહભેર સંગઠન મજબુત કરવા ભાગ લીધો હતો.

### તલાટી પરીક્ષા માટે બ્રહ્મસમાજ દ્વારા સમાજના પરિક્ષાર્થીઓ માટે રહેવા જમવાની સગવડ

ગાંધીનગર, તા.૪

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર માતૃ સંસ્થા, સેકટર-૧૬ દ્વારા તલાટીની પરીક્ષા ને અનુલક્ષીને ગુજરાતમાંથી બહારથી આવતા પરીક્ષાર્થી બ્રાહ્મણના દીકરા દીકરી માટે તા.૦૬ના રોજ રહેવા તથા ભોજન વ્યવસ્થાની નિઃશુલ્ક સેવાનું આયોજન કરેલ છે. જે શ્રી સ્વામી સચ્ચિદાનંદજી બ્રહ્મ ભવન, શ્રી સોમનાથ મહાદેવ મંદિર પાસે, સેકટર-૧૬, ગાંધીનગર ખાતે આયોજન કરવામાં આવ્યું છે. વધુ માહિતી માટે ક્રિષ્ના જાની ( ૯૯૨૪૪ ૯૮૯૮૨) અને મુકેશ શુક્લ ( ૯૦૧૬૮ ૧૨૨૯૨)નો સંપર્ક કરવા જણાવ્યું હતું.

## લાયન્સ ક્લબ સોસાયટી દ્વારા શહેર વસાહત મહામંડળનું સન્માન કરાયું

ગાંધીનગર, તા.૪

છેલ્લા ૩૫ વર્ષથી ગાંધીનગર શહેર વસાહત મહામંડળ તથા અરુણોદય સેવા ટ્રસ્ટ દ્વારા મોડાસા અરવલ્લી જિલ્લાની શાળા તથા પોલિટેકનિકમાં અભ્યાસ કરતા ભાઈઓ બહેનોને ચરણસેવા દ્વારા તથા ગરમ કપડાં પૂરા પાડી સેવા કરવા બદલ લાયન્સ સોસાયટીના પદાધિકારીઓને ડો. ટી.બી. પટેલ દ્વારા મંત્રી ભીખુસિંહની ઉપસ્થિતિમાં અરુણ બૂચ તથા તેમની ટીમનું મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ ટીમમાં ભાનુભાઈ દવે, નિલેન્દુ વોરા, જયંત ભુજ તથા ભુપેન્દ્રભાઈ મહેતા સહિત સૌ ઉપસ્થિત રહ્યા હતા, મોડાસા લાયન્સ સોસાયટી દ્વારા આ રીતે મહામંડળ તથા અરુણ બુચનું સન્માન કરવામાં આવ્યું હતું.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.ઠાકોર વિણાબેન રમણજી ઉ.વ.૫૭, મોટી આદરજ
- સ્વ.દંતાણી શોભાબેન દિનેશભાઈ ઉ.વ.૫૦, રાંધેજા
- સ્વ.ઠાકોર અશોકજી રણછોડજી ઉ.વ.૫૦, ઈસનપુર મોટા
- સ્વ.ગોહેલ હસમુખ વલ્લભદાસ ઉ.વ.૭૮, સેક્ટર-૨૯